Tuesday
02.05.2023
*Volume :7 * Issue No.273
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)




ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું 66 ટકા પરિણામ જાહેર




કમલમ્ ન્યુઝ,અમદાવાદ,
ધોરણ ૧૨ સાયન્સનું વર્ષ ૨૦૨૩નું બોર્ડનું પરિણામ આજે જાહેર થયું છે. બોર્ડના પરિણામની સાથે ગુજકેટની પરીક્ષાનું પણ પરિણામ જાહેર થયું છે. ધો.૧૨ સાયન્સનું કુલ ૬૫.૫૮ ટકા પરિણામ જાહેર થયું છે. એ ગ્રુપમાં ૭૨.૨૭ ટકા અને બી ગ્રુપમાં ૬૧.૭૧ ટકા પરિણામ આવ્યું છે. સૌથી વધુ ૯૦.૪૧ ટકા સાથે હળવદ કેન્દ્ર પ્રથમ નંબરે છે અને લીમખેડા કેન્દ્રનું સૌથી ઓછું ૨૨ ટકા રિઝલ્ટ આવ્યું છે. સૌથી વધુ ૮૩.૨૨ ટકા પરિણામ સાથે મોરબી જિલ્લો પ્રથમ છે. ગુજરાતી માધ્યમનું ૬૫.૩૨ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૬૭.૧૮ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષ કરતા આ વર્ષે ૬.૪૪ ટકા પરિણામ ઘટ્યું છે. કેમિસ્ટ્રી અને ફિઝિક્સના પેપર અઘરા નીકળતા વિદ્યાર્થીઓને ધાર્યા પરિણામ આવ્યા નથી. આથી વિદ્યાર્થીઓને આ બન્ને વિષયે રડાવ્યા છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, મહેનત પ્રમાણે ધાર્યુ પરિણામ આવ્યું નથી.પરિણામ આવતા વિદ્યાર્થીઓ જણાવ્યું હતું કે, આ વર્ષે અઘરા પેપરને લઈને પરિણામ ધાર્યા કરતા ઓછું આવ્યું છે. અમે બહુ મહેનત કરી હતી, પરંતુ પરિણામને લઈને થોડું દુખ થયું છે. આ વખતે ફિઝિક્સ અને કેમેસ્ટ્રી ખૂબ હાર્ડ પેપર હતું. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ખુશી સાથે થોડું દુખ પણ જોવા મળ્યું હતું. વિદ્યાર્થીઓ તેમનુ પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર જોઈ શકાયુ હતું.બોર્ડ દ્વારા પહેલીવાર વોટ્સએપ નંબર ઉપર પણ પરિણામ આપવામાં આવ્યું છે.જે ધોરણ ૧૨ સાયન્સનું વર્ષ ૨૦૨૩ની બોર્ડની પરીક્ષાનુ પરિણામ જાહેર થઈ ગયુ છે. ગત વર્ષની સાપેક્ષે આ વર્ષે પરિણામ ઓછુ આવ્યુ છે. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૬૬% આવ્યુ છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના નિયમિત વિદ્યાર્થીઓનું ૬૬.૩૨ ટકા અને નિયમિત વિદ્યાર્થીનીઓનું પરિણામ ૬૪.૩૨ ટકા આવ્યુ છે.આ વર્ષે ૮૩.૨૨ % સાથે મોરબી પ્રથમ સ્થાને આવ્યુ છે. જ્યારે દાહોદ જિલ્લાનું પરિણામ ૨૨ % સાથે છેલ્લા ક્રમે આવ્યુ છે. ૯૦.૪૧ ટકા સાથે સૌથી વધારે પરિણામ ધરાવતુ કેન્દ્ર હળવદ બન્યુ છે. આ સાથે જ રાજકોટમાં ૮૨ % જેટલુ પરિણામ આવ્યુ છે.આ વર્ષે કુલ ૨૭ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યુ છે. જ્યારે ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી કુલ ૭૬ શાળાઓ છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૬૭.૧૮ ટકા જાહેર થયું છે. જ્યારે ગુજરાતી માધ્યમનુ પરિણામ ૬૫.૩૨ ટકા જાહેર થયુ છે. જ્યારે છ ગ્રૂપના ઉમેદવારોનુ ૭૨.૨૭ ટકા પરિણામ આવ્યુ છે. બી ગ્રૂપના ઉમેદવારોનું ૬૧.૭૧ ટકા પરિણામ આવ્યુ છે. આ ઉપરાંત છમ્ ગ્રૂપના ઉમેદવારોનું ૫૮.૬૨ ટકા પરિણામ જાહેર થયુ છે. આ વર્ષે ગેરરીતિના કુલ ૩૫ કેસ સામે આવ્યા હતા. ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ માર્ચ મહિનામાં લેવામાં આવી હતી. જેમાં રાજ્ય ભરમાંથી કુલ ૧૬.૫૦ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. ધોરણ ૧૦ બોર્ડમાં ૯,૫૬,૭૫૩, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫,૬૫,૫૨૮, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧,૨૬,૮૯૬, સંસ્કૃત પ્રથમના ૬૪૪, ઉ.ઉ. બુનિયાદી પ્રવાહના ૪,૩૦૫, વ્યવસાયલક્ષી પ્રવાહના ૭૯૩ જ્યારે સંસ્કૃત માધ્યમના ૭૩૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જીએસઈબી ધોરણ ૧૦ ની પરીક્ષા ૨૦૨૩ માર્ચ ૧૪ અને ૨૮, ૨૦૨૩ ની વચ્ચે પરીક્ષા લેવામાં આવી હતી. જ્યારે ય્જીઈમ્ ધોરણ ૧૨ ની પરીક્ષા ૨૦૨૩ વિજ્ઞાન પ્રવાહ માટે ૧૪ થી ૨૫ માર્ચ, ૨૦૨૩ અને સામાન્ય પ્રવાહ માટે માર્ચ ૧૪ થી ૨૯, ૨૦૨૩ ની વચ્ચે આયોજિત કરવામાં આવી હતી.રાજ્યમાં ૩ એપ્રિલના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપી હતી. રાજ્યભરમાંથી વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ છ, બી અને ગ્રુપ એબીના અંદાજે ૧,૨૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓએ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં પરીક્ષા આપી હતી.ધો.૧૨ સાયન્સના રિઝલ્ટ જાહેર થયું છે તેમાં નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ- ૬૬.૩૨ ટકા,નિયિમિત વિદ્યાર્થિનીઓનું પરિણામ - ૬૪.૬૬ ટકા,હળવદ સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર- ૯૦.૪૧ ટકા,લીમખેડા સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર- ૨૨ ટકા, સૌથી વધુ પરિણામ ધરાવનાર જિલ્લો મોરબી- ૮૩.૨૨ ટકા,સૌથી ઓછું પરિણામ ધરાવનાર જિલ્લો દાહોદ- ૨૯.૪૪ ટકા, ૧૦૦ ટકા પિરણામ ધરાવતી શાળાઓની સખ્યા- ૨૭, ૧૦ ટકા કે તેથી ઓછું પિરણામ ધરાવતી શાળાઓની સંખ્યા- ૭૬,એ૧ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા- ૬૧,એ૨ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા- ૧,૫૨૩,અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓના પરિણામની ટકાવારી- ૬૭.૮ ટકા,ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓના પિરણામની ટકાવારી- ૬૫.૩૨ ટકા,એ ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૭૨.૨૭ ટકા,બી ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૬૧.૭૧ ટકા,એબી ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૫૮.૬૨ ટકા,પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમદવારોની સંખ્યા- ૭૨,૧૬૬ રહી છે. જયારે વિષયવાર પરિણામની ટકાવારી જોઈએ તો ગુજરાતી (એફએલ) ૯૯.૯૨, હિન્દી (એફએલ) ૧૦૦, મરાઠી (એફએલ) ૯૯.૩,ઉર્દુ (એફએલ) ૧૦૦,અંગ્રેજી (એફએલ) ૯૮.૧૬, ગુજરાતી (એફએલ) ૧૦૦, હિન્દી (એસએલ) ૯૯.૫ અંગ્રેજી (એસએલ) ૯૪.૮૧,ગણિત ૭૮.૫ કેમિસ્ટ્રી ૬૭.૧૪,ફિઝીક્સ ૬૬.૨૯, બાયોલોજી ૭૩.૬૩, સંસ્કૃત ૯૬.૫૩,એરેબિક, ૧૦૦,કોમ્પ્યુટર ૮૭.૨૪ ટકા આવ્યું છે સમગ્ર રાજ્યમાં ૧.૨૫ લાખ વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષા આપી હતી. ૧૪ માર્ચથી ૨૯ માર્ચ સુધી બોર્ડની પરીક્ષા ચાલી હતી, જેનું પરિણામ ૧ મહિના બાદ એટલે કે આજે ૨ મેના રોજ જાહેર થયું છે. આજે માત્ર ઓનલાઈન પરિણામ જાહેર થયું છે, ત્યાર બાદ ૩ દિવસ પછી સ્કૂલમાંથી માર્કશીટ આપવામાં આવશે.માર્ચ મહિનાની ૧૪મી તારીખથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારે આ વર્ષે આશરે ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૬.૫૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જોકે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની વાત કરીએ તો ઈજનેરી કરતાં મેડિકલ લાઈનમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે. આ વર્ષે રાજ્યના ૮૩ ઝોનમાં ૧૬૨૩ કેન્દ્રોમાં ૫૫૪૧ બિલ્ડિંગમાં ૫૬૬૩૩ બ્લોકમાં પરીક્ષા લેવામાં આવી હતી. ૨૦૨૨માં ધો.૧૨ સાયન્સમાં ૭૨.૦૨ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં સૌથી વધુ પરિણામ ૯૬.૧૨ ટકા સાથે લાઠી કેન્દ્ર હતું. સૌથી ઓછું ૩૩.૩૩ ટકા સાથે લીમખેડા કેન્દ્રમાં પરિણામ આવ્યું હતું. સૌથી વધુ ૮૫.૭૮ ટકા પરિણામ ધરાવતો જિલ્લો રાજકોટ હતો. જ્યારે ઓછું ૪૦.૧૯ ટકા પરિણામ ધરાવતો જિલ્લો દાહોદ હતો. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી સ્કૂલની સંખ્યા ૬૪ હતા અને ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી સ્કૂલની સંખ્યા ૬૧ હતી. ૨૦૦૨માં ધો.૧૨ સાયન્સના પરિણામમાં એ પ્લસ ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીની સંખ્યા ૧૯૬ હતી. જ્યારે એ ૨ ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીની સંખ્યા ૩૩૦૩ હતી.


## પ્રદૂષણમુકત ભારત માટે નિશ્ચય અને 'ફિટ ઈન્ડિયા'નો સંદેશ સાથે ૬૦૦થી વધુ સાયકલવીરોએ પેડલ ચલાવ્યા

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય અને જાહેર ક્ષેત્રના ઉપક્રમ એવા 'ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) હજીરા' દ્વારા સુરત શહેરમાં "સક્ષમ સાયક્લોથોન" યોજાઈ હતી. જેમાં આશરે ૬૦૦થી વધુ સાયકલવીરોએ વહેલી સવારના જીવંત અને ઊર્જાસભર માહોલમાં સહભાગી થઈને 'ફિટ ઈન્ડિયા'નો સંદેશ આપ્યો હતો. પ્રદૂષણમુકત ભારત માટે એક નિશ્ચય અને સોનેરી ભવિષ્યની આશાઓ સાથે સૌએ પેડલ ચલાવ્યા હતા. પેટ્રોલિયમ મંત્રાલય અને પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસો.(PCRA)ના માર્ગદર્શન હેઠળ ઈંધણ અને ગેસ સંરક્ષણ માટેના જનજાગૃતિના ભાગરૂપે 'સંરક્ષણ ક્ષમતા મહોત્સવ-૨૦૨૩' અંતર્ગત 'એનર્જી કન્ઝર્વેશન ટુવાર્ડ્સ નેટ ઝીરો' થીમ આધારિત આ સાયક્લોથોન યોજાઈ હતી. 'સ્વસ્થ ભારત'ના નિર્માણ અને પેટ્રોલિયમ પેદાશોના સંરક્ષણ માટેના દ્રઢ સંકલ્પ સાથે સુરતના સાઈકલ સવારોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. અલ્ટ્રાસાયકલિસ્ટશ્રી નીતિન પટેલ, કાર્યકારી પ્લાન્ટ મેનેજરશ્રી જે.વી.એન રાવ, OOMSના પ્રમુખ શ્રીમતી તનુજા બલોદી અને




હજીરા પ્લાન્ટના વીસીસી સભ્યોએ સાયક્લોથોનને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ભાગ લેનાર સાઈકલસવારોએ ઉર્જા સંરક્ષણ-નેટ ઝીરોના સંકલ્પને સાર્થક કરવા પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે અધિકૃત પ્લાન્ટ મેનેજરશ્રી જે.વી.એન. રાવે ખરાબ હવામાન અને ભારે વરસાદ છતાં મોટી સંખ્યામાં જોડાયેલા સહભાગીઓના સમર્પણ અને ઉત્સાહ પ્રશંસનીય છે એમ જણાવી તેમણે સાયકલસવારોને ઈંધણ બચાવવાનો સંદેશ લોકોમાં ફેલાવવા અનુરોધ કર્યો હતો. નોંધનીય છે કે, ઓ.એન.જી.સી. પર્યાવરણનો સ્વચ્છતાના મિશનના ભાગરૂપે બળતણ સંરક્ષણ માટે ઝુંબેશ હાથ ધરવામાં હંમેશા અગ્રેસર રહ્યું છે. સાયકલોથોન એ ગ્રીન ઈન્ડિયા માટે પ્રતિબદ્ધતાની પહેલ છે. સાયકલોથોનમાં અલ્ટ્રાસાયકલિસ્ટ અને ઓડેક્સ કલબ પેરિસિયનના સુપરરેન્ડન્યુર એવોર્ડ વિજેતા નીતિન પટેલ, OOMSનાપ્રમુખ શ્રીમતી તનુજા બલોદી(L) અને કાર્યકારી પ્લાન્ટ મેનેજરશ્રી જે.વી.એન.રાવ અને જી.એમ(પી) વિભુ જોષી સહિત શહેરના સાયકલવીરો જોડાયા હતા.

## ગુજરાતના સ્થાપના દિવસની અન્ય રાજ્યોમાં પણ ઉજવણી કરવામાં આવી હતી




કમલમ્ ન્યુઝ,
ગુજરાતના સ્થાપના દિવસની અન્ય રાજ્યોમાં પણ ઉજવણી કરવામાં આવી હતી. પુડુચ્ચેરી, તમિળનાડુ, તેલંગણા અને જમ્મુ કાશ્મીરમાં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પુડુચ્ચેરીના ઉપરાજ્યપાલ ડૉ. તામિલિસાઈ સૌંદરરાજને રાજનિવાસ ખાતે ઉજવણીનું આયોજન કર્યું હતું. તેમણે જણાવ્યું કે વિવિધતા વચ્ચે એકતા એ દેશની એકતા માટેનું પ્રેરક બળ છે અને ભારતીયોની લાગણીથી તે એકતા થાય છે. તેમણે સૌરાષ્ટ્ર તમિળ સંગમનું આયોજન કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી અને કહ્યું કે, આ પ્રકારના કાર્યક્રમો વિવિધ રાજ્યોના લોકો વચ્ચેની એકતાને વધુ મજબૂત કરશે. આ પ્રસંગે ગરબાના કાર્યક્રમો, ગીતો અને નૃત્યના કાર્યક્રમો રજૂ કર્યા હતા. તમિળનાડુમાં રાજ્યપાલ આર.એન. રવિના નેતૃત્વમાં રાજભવનમાં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તમિળનાડુમાં રહેતા મૂળ ગુજરાતના ૨૦૦ જેટલા લોકોએ પરિવાર સાથે આ પ્રસંગે આયોજિત વિશેષ કાર્યક્રમમાં હાજરી આપી હતી.તેલંગણાના રાજ્યપાલ ડૉ. તમિલિસાઈ સૌંદરરાજને કહ્યું છે કે વસુધૈવ કુટુમ્બકમની ભાવના મુજબ હૈદરાબાદમાં રાજભવન ખાતે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી થઈ હતી. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલે અગાઉના હૈદરાબાદ રાજ્યની મુક્તિમાં કેવી મહત્વની ભૂમિકા ભજવી તેનું વર્ણન કર્યું અને સ્થાપના દિવસની ઉજવણી પર ગુજરાતના લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. હૈદરાબાદમાં સ્થાયી થયેલા ગુજરાતના લોકોએ ઉજવણીમાં ભાગ લીધો હતો. જમ્મુ કાશ્મીરમાં રાજભવન ખાતે ગુજરાત દિવસ ઉજવવામાં આવ્યો. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ગુજરાતના લોકોને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી અને સ્વાતંત્ર્ય સેનાનીઓ, શહીદો અને મહાન વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ આપી હતી

## "દેશની સરકાર કલારત્નોને ખૂણે-ખૂણેથી શોધીને પોંખે છે, તેવી સરકારનો ભાગ હોવાનું સદભાગ્ય સાંપડ્યું છે" - કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલા







કમલમ્ ન્યુઝ,રાજકોટ,
ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ ગાયકશ્રી હેમંતભાઈ ચૌહાણને પદ્મશ્રી પુરસ્કારથી બહુમાનિત કરાયા છે. ત્યારે રાજકોટમાં વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ ખાતે "પદ્મશ્રી હેમંત ચૌહાણ સન્માન સમિતિ" દ્વારા રાજકોટ નાગરિક સહકારી બેંકના સહયોગથી પદ્મશ્રી હેમંતભાઈ ચૌહાણને સન્માનિત કરવા 'હેતે વધાવીએ હેમંતને' સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગના મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાના હસ્તે શ્રી હેમંતભાઈ ચૌહાણનું શાલ ઓઢાડીને તથા સ્મૃતિચિન્હ, સન્માનપત્ર અને રૂ. ૧ લાખ ૫૧ હજારનો ચેક અર્પણ કરી અભિવાદન કરાયું હતું તેમજ સંતશ્રી મોરારી બાપુના હસ્તે શ્રી હેમંતભાઈ ચૌહાણની ભક્તિ રચનાઓના સંગ્રહ 'હરિનામની હેલી'નું વિમોચન કરાયું હતું. આ તકે સંતશ્રી મોરારીબાપુએ જણાવ્યું હતું કે, હેમંત ચૌહાણે સંતવાણીના ગાયક તરીકે ખુબ જ મહત્વનો યોગદાન આપ્યુ છે. ભજનના ચાર પ્રકાર છે લખાતું, વંચાતું, કથન થતું અને ગવાતું ભજન. જેમાં શ્રેષ્ઠ છે, ગવાતું ભજન. લખાયેલું ભજન કોઈને કંઠે ચડે પછી જાણીતું લાગે છે, હેમંતભાઈના ભજન તો મનને હળવા કરે છે. કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ પદ્મશ્રી હેમંતભાઈને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું દેશની સરકાર કલારત્નોને ખૂણે-ખૂણેથી શોધી-શોધીને પોંખે છે, તે સરકારનો ભાગ હોવાનું સદભાગ્ય સાંપડ્યું છે. કલાપ્રેમી રાજકોટવાસીઓએ શ્રી હેમંતભાઈને નવાજ્યા, એ ખરેખર તો એવોર્ડનું સન્માન છે. રામસાગરના રણકાર સાથે શ્રી હેમંતભાઈને સાંભળવાનો અનેક વાર અવસર મળવો, તે આનંદની વાત છે. બળકટ કાવ્યોને કંઠ મળે, ત્યારે રચનાલોકભોગ્ય બનતી હોય છે. પદ્મશ્રી હેમંતભાઈ ચૌહાણએ આ એવોર્ડથી સન્માનિત થવા બદલ કૃતજ્ઞતા અનુભવતા જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રપતિ ભવનમાં પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત થયો, તે વેળાએ સૌ પ્રથમ શ્રી મોરારી બાપુએ શુભેચ્છા પાઠવી હતી. આ એવોર્ડ ઈશ્વર અને સંતોની કૃપાનું ફળ છે. કાર્યક્રમનો શુભારંભ મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યથી થયો હતો. શ્રી હેમંતભાઈ તથા તેમના પુત્રી શ્રી ગીતાબેનએ 'સુખ રે સાગરમાં હંસલો મોતીડાં ચણે' ભજન પ્રસ્તુત કર્યું હતું. શ્રી પ્રહલાદભાઈએ કબીર વાણીની સંગીતિક રજૂઆત કરી હતી. મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ, સ્મૃતિચિન્હ અને શાલથી સ્વાગત કરાયું હતું. સંતવર્યશ્રી મોરારી બાપુના હસ્તે પદ્મશ્રી હેમંત ચૌહાણ સન્માન સમિતિના દરેક સભ્યોનું સન્માન કરાયું હતું. આ તકે વિવિધ સમાજના અગ્રણીઓ, સંતો-મહંતો અને સામાજિક સંસ્થાઓએ શ્રી હેમંતભાઈનું સન્માન કર્યું હતું. આ સમારોહમાં સ્વાગત ઉદબોધન હાસ્ય કલાકારશ્રી સાંઈરામભાઈ દવેએ કર્યું હતું. કાર્યક્રમની ભૂમિકા ડો. સુનીલભાઈ જાદવએ આપી હતી. પ્રાસંગિક પ્રવચન હાસ્યકલાકાર પદ્મશ્રી શાહબુદીનભાઈ રાઠોડ, લોકસાહિત્યકાર પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી, હાસ્ય કલાકારશ્રી ધીરુભાઈ સરવૈયા અને મધ્યપ્રદેશના લોકગાયક પદ્મશ્રી પ્રહલાદભાઈ ટીપણીયાએ કર્યું હતું. પુસ્તક પરિચય કવિશ્રી સંજુભાઈ વાળાએ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલનશ્રી સંજયભાઈ કામદાર એ કર્યું હતું. આ પ્રસંગે રાજકોટ નાગરિક સહકારીબેંકના ચેરમેનશ્રી શૈલેષભાઈ ઠાકર તથા શ્રી હેમંત ચૌહાણ ના ભજનોના ચાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

